ગેરકાયદે એન્ટીબાયોટીક દવા બનાવતી કંપની ઉપર દરોડો

વિદેશમાં નિકાસ કરતી કંપનીમાં ફૂડ એન્ડ ડ્રગ્સનો દરોડો : ટીમ દ્વારા એક્ઝાક્લેવ ૬૨૫ ટેબલેટનો આશરે રૂપિયા ૬૩ લાખની કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૧

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમે મળેલ માહિતીને આધારે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના હાજીપુર મુકામે સ્થિત ગેરકાયદેસર રીતે એન્ટીબાયોટીક દવા બનાવી વિદેશમાં નિકાસ કરતી સનલોવિસ ફાર્માસ્યુટીકલ્સ એલ.એલ.પી કંપનીમાં દરોડો પાડીને 'એક્ઝાક્લેવ-૬૨૫લ્લ ટેબલેટનો આશરે રૂ.૬૩.૦૦ લાખની કિંમતનો જથ્થો જપ્ત કરી કંપનીના ભાગીદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી. કોશિયાએ વધુ વિગતો આપતા જણાવ્યું છે કે, મે. સનલોવિસ ફાર્માસ્યુટીકલ્સ એલ.એલ.પી., ગાંધીનગર છેલ્લા ત્રણ વર્ષની ઉત્પાદન પરવાના ધરાવે છે. આ પેઢીના ભાગીદાર પ્રવિણભાઇ ચૌધરી અને તેની ટેકનીકલ ટીમ દ્વારા મે. ફાઇનક્યોર ફાર્મા, ઉત્તરાખંડના નામે "એક્ષાક્લેવ-૬૨૫ કો-એમોક્ષીક્લેવ ટેબલેટ બી.પી. ની બનાવટનું ગેરકાયદેસર ઉત્પાદન કરતા પકડાયા છે.

આ દરોડા દરમિયાન ૪,૨૦,૦૦૦ જેટલી "એક્ઝાક્લેવ-૬૨૫" ટેબલેટનો આશરે રૂ.૬૩.૦૦ લાખની કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. "એક્ઝાટીલ ડ્રાયસીરપ (Exatil Dry Syrup)" બ્રાન્ડનેમની બનાવટનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જે મે. બ્રુસેલ્સ લેબોરેટરી પ્રા. લી., ચાંગોદર, અમદાવાદના પરવાના નં.૫/૧૦૧૦, નામ અને સરનામાંનો ઉપયોગ કરીને બનાવટી દવાનું ઉત્પાદન કરવામાં આવતુ હતું. "એક્ઝાક્લેવ-૬૨૫ ટેબલેટ"ના તૈયાર ૧૮૫૦ કાર્ટન તથા એલ્યુમીનીયમ ફોઇલના રોલ જેના પર પણ Batch No. B2635, Mfg. Dt. 01/2021, Exp. Dt. 12/2022 છાપી અને બ્લીસ્ટર / એલુએલુ પેકીંગ માટે તૈયાર માલ આગળની કાર્યવાહી માટે જપ્ત કરવામાં આવ્યો છે. આ સમગ્ર દરોડા દરમિયાન કુલ ૭૦.૦૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કોશિયાએ જણાવ્યું છે કે, એક્ઝાક્લેવ-૬૨૫ ટેબલેટની ઉત્પાદન પરવાનગી ન હોવા છતાં ઉત્પાદક પેઢી મે. ફાઇનક્યોર ફાર્મા, ઉત્તરાખંડના નામે Batch No. B26235, Mfg. Dt. 01/2021, Exp. Dt. 12/2022 ની પ્રોડક્ટનો જથ્થો મે. ફાઇનક્યોર ફાર્માના Mfg. License No. 34/UA/SC/P-2007 નો ઉપયોગ કરી જાન્યુઆરી માસની ઉત્પાદન તારીખ (૦૧/૨૦૨૧) દર્શાવી ફેબ્રુઆરી માસમાં ઉત્પાદન કરતા પકડાયા છે. કોશિયાએ વધુમાં જણાવ્યું છે કે, આ સમગ્ર ઉત્પાદનમાં મે. સનલોવિસ ફાર્માસ્યુટીકલ્સ એલ.એલ.પી. ઉત્પાદક પેઢીએ પોતાની મશીનરી, રો-મટીરીયલ અને કંપનીના હાલના રીસોર્સનો ઉપયોગ કર્યો છે અને મે.ફાઇનક્યોર ફાર્મા, ઉત્તરાખંડનાં પરવાના નં. 34/UA/SC/P-2007, નામ અને સરનામાનો ઉપયોગ કરીને ગેરકાયદેસર બનાવટી દવાનું ઉત્પાદન કરી ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારાની કલમોનો ભંગ કરી સજા પાત્ર ગુન્હાહિત કૃત્ય આચર્યુ છે. મે. સનલોવિસ ફાર્માસ્યુટીકલ્સ એલ.એલ.પી. ઉત્પાદક પેઢીએ ગેરકાયદે એક્ષપોર્ટ માટેના કાર્ટન, રો-મટીરીયલ, બોક્ષ, એલ્યુમીનીયમ ફોઇલ વગેરે ક્યાંથી મેળવેલ છે? અને કેવી રીતે નાઇજીરીયા દેશમાં નિકાસ કરવાના છે તેની સઘન તપાસ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં આવુ ગેરકાયદેસર ઉત્પાદન કરતી કંપનીઓ અને વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાઇ રહ્યો છે. આવા ગુન્હાહિત કૃત્યો આચરનારા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ડૉ.એચ.જી. કોશિયાએ જણાવ્યું છે.

રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ અંતર્ગત ચ-૩ અને ઘ-૫ સર્કલ ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા ટ્રાફિક અવેરનેસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનાર વાહનચાલકોને ગુલાબનુ ફૂલ આપી ટ્રાફિકના નિયમો સમજાવવામાં આવ્યા હતા. એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ધર્મેન્દ્રસિંહ અને રેડક્રોસ સોસાયટીના અશ્વિનભાઈ ઉપસ્થિત રહ્યાં હતા.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની સેશન સાઈટમાં આજે સૌથી નબળો પ્રતિસાદ કર્મયોગીઓએ આપ્યો હતો.
- ભારતીય જનતા પક્ષે આજે જિલ્લા પંચાયતની ૨૭ બેઠકો અને ૮૦ જેટલી તાલુકા પંચાયતોની યાદી જાહેર કરી દીધી છે.
- ભાજપના તમામ ઉમેદવારો આજે તેમના ઉમેદવારી ફોર્મ વિજય મુહૂર્ત ૧૨.૩૯ કલાકે ભરી દેશે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશનમાં ૮૦ ટકા શિક્ષકોનું વેક્સીનેશન થઈ ગયુ છે. બાકી રહેતા શિક્ષકોને પણ વેક્સીનેશનના ફાયદાની સમજ આપવા આરોગ્યના અધિકારીઓને સાથે રાખી ખાસ ટેલિકોન્ફરન્સ પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના નવ કેસ નોંધાયા છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને પગલે જિલ્લામાં ૨૩૮ લોકોએ તેમના લાયસન્સવાળા હથિયાર પોલીસમાં જમા કરાવી દીધા છે.
- વેક્સીનેશનને લઈ આજે પણ વિડીયો કોન્ફરન્સ મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી હતી.

કલોલ નગરપાલિકાના ચૂંટણી જંગમાં એક ઉમેદવારે ડિપોઝીટના નાણાંમાં રૂ. ૧ અને ૨ ના સિક્કા આપ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કલોલ નગરપાલિકાની યોજાઈ રહેલી ચૂંટણીમાં આજે એક ઉમેદવારે રૂ. એક અને રૂ. બે ના સિક્કાઓ સાથે પોતાનું ઉમેદવારી પત્ર ભરતાં ડિપોઝીટના નાણાં પેટે જમા કરાવ્યા હતા.

મળતી વિગતો મુજબ કલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નં. ૧૧ માંથી ઉમેદવારી કરનાર અનિલભાઈ મકવાણાએ આજે ઉમેદવારી પત્રની સાથે ડિપોઝીટના નાણાં રૂ. એક અને બે ના સિક્કાની ભરી હતી.

આમ આદમી પાર્ટીના આ ઉમેદવારે ચૂંટણી અધિકારી જે.બી. વદરના ટેબલ પર આ સિક્કા મુક્યા હતા અને ડિપોઝીટ જમા કરવા જણાવ્યુ હતુ.

વદરે તાત્કાલિક સ્ટાફને બોલાવી સિક્કા ગણવાની સૂચના આપી હતી જેમાં રૂ. ૭૦૦ થી વધુ રૂ. ૧ ના સિક્કા હતા જ્યારે બાકીના સિક્કા રૂ. ૨ ના હતા.

અનિલભાઈએ આ રકમ લોકોએ તેમની ઉમેદવારી માટે આપેલ સહયોગ હોવાનું કહ્યુ હતુ. સિક્કા ગણવામાં તંત્રને ૨૫ મિનિટ જેટલો સમય લાગ્યો હતો.

કલોલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં આજે સાત ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. અગાઉ એક ઉમેદવારે ઉમેદવારી નોંધાવી હતી આ સાથે ૪૪ બેઠકો પરના જંગમાં અત્યાર સુધીમાં ૮ ઉમેદવારી પત્રો ભરાયા છે જે ઉલ્લેખનીય છે.

કલોલ નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પ્રથમ વખત ઝુકાવી રહી છે. તેને લઈ પણ જિલ્લાના રાજકારણમાં ચર્ચાઓનો નવો દોર શરૂ થયો છે.

ઠગ ટોળકીએ ક્યુઆર કોડ મોકલતા આર્મીમેનના એકાઉન્ટમાંથી પૈસા કપાઈ ગયા

ઓએલએક્સ પર ગોલ્ફ સેટ વેચાણ માટે મુક્યો હતો, ઓનલાઈન ટ્રાન્જેકશના બહાને ગઠીયો કળા કરી ગયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-એરપોર્ટ માર્ગ પર ભાટ પાસે રહેતા નિવૃત આર્મીમેન સાથે રૂ.૬૦ હજારની છેતરપિંડી થઈ છે. ઓએલએક પર ગોલ્ફ સેટ વેચાણ માટે મુકતા ખરીદી માટે આવેલા શખ્સે ઓનલાઈન પૈસા આપવાનું જણાવી વારંવાર ક્યુઆર કોડ મોકલતા આર્મીમેનના એકાઉન્ટમાંથી પૈસા કપાઈ જતા ગઠીયો છેતરી ગયાનો અહેસાસ થયો હતો. બનાવ અંગે સાયબર ક્રાઈમમાં અરજી કરતા સમગ્ર મુદ્દે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો પાસેથી મળેલી વિગત મુજબ ભાટ સંગાથ પાઈલોન ખાતે રહેતા ૬૫ વર્ષિય રામચંદ્રસીંગ છત્તરસિંગ રાઠોડના પત્નિએ ગત તા.૫ ડિસેમ્બરના રોજ ઓએલએક્સ પર ગોલ્ફ સેટ રૂ.૨૫ હજારમાં વેચાણ માટે મુક્યો હતો. ત્યારબાદ બીજા દિવસે તેઓના પર ફોન આવ્યો હતો. સામેવાળી વ્યકિતએ મહેશ શર્મા નામની ઓળખ આપી એરપોર્ટ પર સિક્યોરીટી ઓફિસર તરીકે ફરજ બજાવુ છું. ગોલ્ફ સેટ પસંદ પડતા ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરવાનું કહ્યું હતું. જેથી ફરીયાદીના પત્નિએ કોઈ વોલેટ નહી હોવાથી કેશ રૂપીયા આપી ગોલ્ફ સેટ લઈ જવા માટે જણાવ્યું હતું. ત્યારબાદ સામેવાળા વ્યકિતએ અન્ય નંબર પર વોલેટ હોય તો તે આપવા માટે જણાવ્યું હતું.

જેથી નિવૃત આર્મીમેન પતિનો નંબર આપ્યો હતો. જેથી સામેવાળા વ્યકિતએ નિવૃત આર્મીમેન સાથે ફોન પર વાત કરીને રૂપીયા ટ્રાન્સફર કરવા માટે કહ્યું હતું. જેથી ફરીયાદીને સામેવાળા વ્યકતિએ ક્યુઆરકોડ મોકલતા સ્કેન કરતા જ આર્મીમેનના ખાતામાંથી રૂ.૧૫ હજાર ઉપડી ગયા હતા.તે સમયે ઠગે ભુલથી રૂપીયા આવી ગયેલા પરત આપવાનું જણાવી ફરીવાર ક્યુઆર કોડ મોકલ્યો હતો.જે સ્કેન કરતા બીજીવાર ૧૫ હજાર રૂપીયા એકાઉન્ટમાંથી કપાઈ ગયા હતા. એકાઉન્ટમાંથી કપાયેલા રૂ.૩૦ હજાર રૂપીયા પરત આપવા માટે વિશ્વાસ કેળવીને ઠગે ફરીવાર ક્યુઆર કોડ મોકલતા સ્કેન થઈ જતા આર્મીમેનના ખાતામાંથી બીજા રૂ.૩૦ હજાર કપાઈ ગયા હતા. એક પછી એક રૂ.૬૦ હજાર કપાઈ જતા આર્મીમેનને છેતરપિંડીનો અહેસાસ થઈ ગયો હતો.

કલોલ-દહેગામ નગરપાલિકાની યાદી પણ ભાજપે જારી કરી દીધી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા મોડી સાંજે કલોલ નગરપાલિકાની ૪૪ બેઠકો તેમજ દહેગામ નગરપાલિકાની ૨૮ બેઠકોના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે.

જિલ્લા ભાજપે તાલુકા પંચાયતો કલોલની ૨૬, માણસાની ૨૬ તેમજ દહેગામ તાલુકા પંચાયતની ૨૮ બેઠકોના નામોની પણ જાહેરાત કરી દીધી છે.

દહેગામ તાલુકા પંચાયતની ત્રણ બેઠકો જે બાકી હતી તેની પણ પસંદગી કરી જાહેરાત કરી દેવામાં આવી છે.

જિલ્લા, તાલુકા પંચાયત તેમજ કલોલ અને દહેગામના ઉમેદવારોની પસંદગી પૂર્ણ થઈ ગઈ છે અને કાલે વિજય મુહૂર્તમાં સૌને ઉમેદવારી પત્ર ભરી દેવાની પણ સૂચનાઓ પક્ષ દ્વારા આપવામાં આવી છે.

દહેગામ નગરપાલિકામાં આગેવાનોના હઠાગ્રહ પછી નવા નિશાળીયાઓની પસંદગી કરી નેતાગીરીએ સૌને ચોંકાવી દીધાનું જાણવા મળેલ છે.

ચરેડી ચોકડી પાસે ઈકો - એકટીવા વચ્ચે અકસ્માતમાં દંપતિને ઈજા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા ચરેડી ચાર રસ્તા પાસે ઈકો - એકટીવા વચ્ચે અકસમાત સર્જાયો હતો. જેમાં એકટીવા પર સવાર દંપતિ નીચે પટકાતા શરીરે તેમજ ઘુંટણના ભાગે ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. બનાવ અંગે ચિરાગ સોલંકીએ ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિરાગ જયંતિલાલ સોલંકી (ઉં.૨૭ રહે. કરણનગર કડી) મહેસાણા ખાતે આવેલ એમીટ્રોન ટયુબવેલ પ્રાઈવેટ લી.માં પ્રોડકશન એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૩૧ ના રોજ મેરેજ એનીવર્સરી હોવાથી કરણનગરથી સાસરી ગાંધીનગર જીઈબી ખાતે એકટીવા નં. જી.જે.૦૨.બી.એમ.-૨૧૬૨ લઈને પતિ-પત્નિ આવ્યા હતા. એક દિવસ રોકાણ બાદ બીજા દિવસે સાંજના પાંચ વાગ્યાના અરસામાં એકટીવા લઈને દંપતિ ઘરે જઈ રહ્યું હતું. તે સમયે ચરેડી ચોકડી પાસે ઈકો ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે એકટીવા પર દંપતિ નીચે પટકાતા પતિ-પત્નિને શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજા પહોંચી હતી. જયારે ઈકો જી.જે.૧૮.બી.જી. -૦૩૫૩ નો ચાલક અકસ્માત બાદ પણ ગાળાગાળી કરી નાસી ગયો હતો.

જયારે દંપતિને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. જયા યુવકને બંને ઢીંચણ અને જમણા હાથની કોણી પર ઈજા થઈ હતી.જયારે મહિલાને કપાળના ભાગે તેમજ ઢીંચણમાં ઈજા થઈ હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ઈકો ચાલકને પકડવા માટે તપાસ તેજ કરી છે.

વિજ્ઞાન ક્ષેત્રે મહિલાઓના યોગદાન અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઈન્ટરનેશનલ ડે ઓફ વુમન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સ નિમિતે યોજાયેલ વેબીનારમાં સ્કીનોટેકના સ્થાપક ડો. મેઘા ભટ્ટ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ દિવસની ઉજવણી નો આશય વિજ્ઞાન ક્ષેત્રમાં મહિલાઓ અને છોકરીઓની ભાગીદારીની સમાનતાને બિરદાવવાનો છે. ડો. મેઘાબેને પ્રથમ સ્ત્રી ફિઝિશિયન ડો. આનંદી જોશી અને વિજ્ઞાન શાખામાં સૌ પ્રથમ પીએચડી ની ડિગ્રી મેળવનાર પ્રથમ ભારતીય મહિલા ડોલ કમલા સોહોનીના સંઘર્ષ ને યાદ કરતાં જણાવ્યુ કે 'આજે ભારતમાં ખરા અર્થમાં મહિલા સશક્તિકરણ થઈ રહ્યું છે. સ્ત્રીઓ વિજ્ઞાનમાં ભાગીદારી કરી શકે છે. પરંતુ પહેલાના સમયમાં સ્ત્રીઓને ઘણો સંઘર્ષ રહેતો. પરંતુ દ્રઢ સંકલ્પથી સ્ત્રીઓ ક્યારેય પાછી પડી નહીં અને તેમની મહેનત અને સંશોધનો નો સમાજને ફાયદો થયો છે. તેઓ યુવા વૈજ્ઞાનિકોના રોલ મોડલ છે અને યુવા વિદ્યાર્થીઓએ તેમનામથી પ્રેરણા લઈ શકે છે.' ડો. ભટ્ટે જણાવ્યુ કે 'પ્રાચીન ભારતમાં વિજ્ઞાન કેવી રીતે કાર્યરત હતું. ભારતે સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં ઘણું પ્રદાન કર્યું છે તે પછી ભાસ્કરાચાર્ય અંકગણિત પરનો લીલાવતી ગ્રંથ હોય કે આર્યભટ્ટ નો ઝીરો ડિજિટ હોય. ઈસ.૮૦૦માં બોધયાને રાઈટ એંગલ ટ્રાઈંગલ વિષે વાત કરી હતી. બાદમાં પાયથાગોરસ દ્વારા સંકલિત કરવામાં આવેલ.'

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર અને લાયન્સ કર્ણાવતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આઈ હોસ્પિટલ, ઓગણજ તથા જનરલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી પથિકાશ્રમ પાસે એસ. ટી ડેપોમાં પ્રથમ નિઃશુલ્ક નેત્ર નિદાન અને ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. મેયરશ્રીએ સંસ્થાની આ સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રસંગે રાજ્યના સમાજ સુરક્ષા નિયામકશ્રી જી. એન. નાચીયા તથા લાયન્સ કલબના હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. જિલ્લા એસ. ટી. ડેપોના ડ્રાઈવર અને કન્ડક્ટરો તથા શહેરના નાગરિકોએ મફત તપાસનો લાભ લીધો હતો.

શેરથા કટ પાસેથી એકસયુવી ગાડીમાંથી દારૂ - બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર,તા.૧૧

અમદાવાદ-મહેસાણા હાઈ વે પર શેરથા કટ પાસેથી એકસયુવી ગાડીમાંથી વિદેશી દારુ અને બિયરનો જથ્થો અડાલજ પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે ૧૪૪ બોટલ દારૂ, ૧૪૪ બિયરના ટીન મળી અને ગાડી મળી કુલ રૂ.૫,૭૧,૫૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે શરેથા પાસે વોચ ગોઠવી હતી. તે સમયે જી.જે.૦૧. આર.બી.-૦૦૫૧ નંબરની એકસયુવી ગાડી આવી હતી. તેને પોલીસે રોકવાનો ઈશારો કરતા તે ગાડી ચાલકે ગાડી દોડાવી મુકી હતી. જેથી પોલીસની આગળ ઉભી રહેલી બીજી ટીમે ગાડીને કોર્ડન કરી ને પકડી પાડી હતી. કારમાં રાજસ્થાનના રાહુલ ઉમેશસીંગ ખીચી, ગોમારામ ગોવર્ધનરામ જાટ મળી આવ્યા હતા. પોલીસે ગાડી ચેક કરતા ૧૪૪ બોટલ દારૂ અને ૧૪૪ બિયરના ટીન મળી આવ્યા હતા.

દારુની ગાડી આબુ નજીક આવેલા ઓરા ગામથી વિનોદ સિંધી,રાજેશ ચૌધરી અને અશોક પ્રજાપતિએ ભરી આપી હતી. જયારે દારૂ અસલાલી ખાતે પહોંચાડવાનો હતો. પોલીસે રૂ. ૫૪ હજારની ૧૪૪ બોટલ દારુ, અને ૧૧,૫૨૦ ની કિંમતના ૧૪૪ બિયરના ટીન સહિત રૂ.૫ લાખની ગાડી મળી કુલ રૂ.૫,૭૧,૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી પાંચ શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ છે.

મગોડી હાઈસ્કૂલમાં ગુજકોસ્ટ દ્વારા ઓનલાઈન વર્કશોપ યોજાયો

ચિલોડા, તા. ૧૧

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારની એટીએલ લેબોરેટરીમાં શ્રીજી ટેકનો. એસ્પાયર અને ગુજકોસ્ટ દ્વારા ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં શાળામાં ધોરણ-૯ માં ભણતી વિદ્યાર્થીઓએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમમાં ત્રીજી ટેકનો એસ્પાયર દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેમજ રોજીંદા જીવનમાં ઉપયોગ હોય તેવા વૈજ્ઞાનિક પ્રોજેક્ટ હાથ ધરી વિદ્યાર્થીનીઓમાં વિજ્ઞાન પરત્વેની અભિરૂચિ કેળવાય તથા કૌશલ્યો વિકસે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ શ્રીજી ટેકનો એસ્પાયરના સાગર સોજીત્રાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ - ૨૦૨૦-૨૧ (બીજો પ્રયત્ન)
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૪૭/૨૦૨૦-૨૧	Construction of new Roads & Repairing of Damage Roads in various TP areas of AUDA which is merged in GMC	રૂ. ૧૮,૦૦૦/-	રૂ. ૧૪,૦૦,૩૨૮/-

ટેન્ડર ફોર્મ તા. ૧૨/૨/૨૦૨૧ થી તા. ૨૬/૨/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૬/૨/૨૦૨૧ થી ૪/૩/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૫/૩/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૯૩૨/૨૦-૨૧

રક્તદાન
મહાદાન

જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ શ્રી ડી.આર.પટેલ એડવોકેટ ઓફિસ-પાર્ક એવન્યુ, ચોઈલા રોડ, મુ.પો.તા. બાયડ જિ.અરવલ્લી, તે અમારા અસીલ શ્રી (૧) પટેલ દુષ્યંતકુમાર ભરતભાઈ રહે-વ્રજ ગાર્ડન સોસાયટી, ચોઈલા રોડ, બાયડ જિ.અરવલ્લી, (૨) પટેલ ભરતભાઈ બેચરભાઈ રહે-રડોદરા તા.બાયડ જિ.અરવલ્લી (૩) પટેલ નિમેશકુમાર જશુભાઈ ઠે-બસસ્ટેશન પાછળ, મુ.પો.તા.ધનસુરા જિ.અરવલ્લીનાઓની સ્પષ્ટ સલાહ સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપીએ છીએ કે, અમારા અસીલે મોજે-રમાસ, તા.બાયડ, જિ.અરવલ્લીમાં આવેલ ખેડ ખાતા નં. ૫૭૮ જેનો સર્વે નં. ૧૨૮ નું કુલ ક્ષેત્રફળ ૧-૮૧-૦૩ હે.આરે ચો.મી. આકાર ૩.૩૫ વાળી ઉપરોક્ત જમીન પટેલ મનસુખભાઈ જીવાભાઈ રહે-કામેશ્વર પાર્ક સોસાયટી, નરોડા, અમદાવાદને અમારા અસીલો વેચાણ કરવાના છે. જેમાં રેવન્યુ રેકર્ડે હાલ અમારા અસીલો નામે ચાલે છે. ઉપરોક્ત તમામ જમીન અમારા અસીલો અઘાટ વેચાણ આપવાની હોય આથી સદર જમીનના વેચાણ બાબતે કે અન્ય કોઈ ગિરો, બક્ષીસ કે અગાઉ કોઈને ઉપરોક્ત જમીન બાબતે જમીન માલિકે બાના કરાર કરી આપેલ હોય કે કોઈ સરકારી-અર્ધસરકારી કે કોઈ બેંક, સંસ્થા કે મંડળીનું કોઈ પણ જાતનું ધિરાણ બાકી હોય કે સદર જમીનના વેચાણ બાબતે જે કોઈને વાંધો, વચકો, વિરોધ હોય કે કોઈનો લાગ-ભાગ હિસ્સો પોસાતો હોય તો અમો ને દિન-૪માં અમારી આગળ લેખીતમાં રજુઆત કરવી અને આધાર પુરાવાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થયેથી અમારા અસીલ ને સદર જમીન બાબતે ટાઈટલ ક્લીયરન્સ રીપોર્ટ આપવામાં આવશે તો પછી કોઈ નો કોઈ વાંધો, વચકો કે વિરોધ ચાલે નહી. સદર સર્વે નંબરમાં કુવા તથા કનેક્સન સાથે વેચાણ આપેલ છે.

તા.૦૯/૦૨/૨૦૨૧, બાયડ

(અમારા અસીલની સ્પષ્ટ સલાહ, સુચના અને ફરમાઈશથી)
ધૈર્ય આર. પટેલ, એડવોકેટ
ઓફિસ-પાર્ક એવન્યુ, ચોઈલા રોડ, મુ.પો.તા. બાયડ જિ.અરવલ્લી
મો.નં. ૯૪૨૭૦ ૬૩૩૫૩